# ADMISSION COMMITTEE FOR PROFESSIONAL MEDICAL EDUCATIONAL COURSES
## GUJARAT STATE

C/o. Dean, B. J. Medical College, New Civil Hospital Campus, Asarwa, Ahmedabad – 380 016
Phone No.079-22680307 Fax: 079-22680307
Website: www.medadmbjmc.in


**પરિપત્ર**

ક્રમાક:પ્રવેશ/૨૦૧૧–૧૨/નિયમો /NRI-Management/604-682/૨૦૧૧
તા. ૨૫/ ૫/૨૦૧૧

પ્રતિ,
ડીનશ્રી/પ્રિન્સીપાલશ્રી,
તમામ મ્યુનિસિપલ, સ્વનિર્ભર,
મેડીકલ, ડેન્ટલ, આર્યુવેદ, હોમિયોપેથી, ફિઝીયોથેરાપી,
બી.એસ.સી નર્સિંગ, ઓપ્ટોમેટ્રી, ઓકયુપેશનલ થેરાપી, નેચરોપેથી
અને બી.એ.એસ.એલ.પી. વિદ્યાશાખાઓની સંસ્થાઓ,
ગુજરાત રાજય.

વિષય :–શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ માટે NRI અને Management કવોટામાં પ્રવેશ અંગે.
સંદર્ભ :– સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના પત્રક્રમાંકઃ
એમસીજી/૧૦૨૦૧૧/ ૯૪૪/જ, તા. ૭/૫/૧૧

આ સાથે શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ માટેના પ્રવેશ નિયમોની નકલ બિડાણે સામેલ છે. આપની સંસ્થાની એન.આર.આઈ. અને મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટેની પ્રવેશ કાર્યવાહી પ્રવેશ નિયમો ૨૦૧૧–૧૨ માં દર્શાવ્યા મુજબ કરવાની રહેશે. આ ઉપરાંત નીચે દર્શાવ્યા મુજબની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧) <u>એન.આર.આઈ. કવોટાની બેઠકો</u> :–

(૧) એન.આર.આઈ. કવોટામાં પ્રવેશ કાર્યવાહી માટેની કાઉન્સેલીંગ પ્રક્રિયા પ્રવેશ સમિતિના પ્રથમ કાઉન્સેલીંગ પૂર્ણ થયા બાદ જ કરવાનું રહેશે.

(૨) એન.આર.આઈ. કવોટામાં પ્રવેશ મેળવ્યા બાદ જો કોઈ વિદ્યાર્થી પ્રવેશ સમય મર્યાદા પૂર્ણ થયા પહેલાં સ્વેચ્છાએ પ્રવેશ છોડી દે તો તે વિદ્યાર્થી પાસેથી પ્રોસેસ ફી તરીકે રૂા. ૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા ) વસુલ કરી બાકીની તમામ ભરેલ ફીની રકમ જે તે વિદ્યાર્થીને સુપ્રત કરવાની રહેશે.

(૨) <u>મેનેજમેન્ટ કવોટાની બેઠકો</u> :–

(૧) મેનેજમેન્ટ કવોટાની પ્રવેશ કાર્યવાહી માટે અત્રેની પ્રવેશ સમિતિની પૂર્વ મંજુરી લેવાની રહેશે.

(૨) મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટેની પ્રવેશ કાર્યવાહી પ્રવેશ સમિતિના પ્રથમ કાઉન્સેલીંગ પૂર્ણ થયા બાદ જ કરવાની રહેશે.

આ ઉપરાંત એન.આર.આઈ. અને મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટે અત્રેની સમિતિ ધ્વારા વખતોવખત જે નિર્દેશો આપવામાં આવે તેનું અચુક પાલન કરવાનું રહેશે.

ચેરમેન
એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ મેડીકલ એજયુકેશનલ કોર્ષિસ,
બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ

નકલ સવિનય રવાના :–(૧) માન. મંત્રીશ્રીનું કાર્યાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુ.રા., ગાંધીનગર.
(૨) અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુ.રા., ગાંધીનગર
(૩) અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન, ગુ.રા.ગાંધીનગર